ગાંધીનગર સમાચાર

**વર્ષ ૨૦૧૭ને યુવા વિકાસ વર્ષ તરીકે ઉજવાશે**

# ગાંધીનગર બન્યું આંધીનગર

## વૈશાખી વાયરામાં શહેર બન્યુ ધુળીયુ : છેલ્લા ત્રણ દિવસથી ફુંકાઈ રહેલા જોરદાર પવનના કારણે વાતાવરણ ધુળીયુ બન્યુ

ગાંધીનગર, તા. ૨૩

છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં જોરદાર પવન ફુંકાવો શરૂ થયો છે. આ મીની વંટોળે શહેરને ધુળીયુ બનાવી દીધું છે. પવનના કારણે ઠેર ઠેર પાંદડાઓનો કચરો જામ્યો છે.

ગાંધીનગરમાં છેલ્લા પંદર દિવસથી ભીષણ ગરમી પડી રહી છે. ગયા અઠવાડિયે તો શહેરનું મહત્તમ તાપમાન ૪૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. ભારે ગરમી પડયા બાદ છેલ્લા ત્રણ દિવસથી જોરદાર પવન ફુંકાવો શરૂ થયો છે. આ પવનને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. જો કે મીની વંટોળના કારણે આખું શહેર ધુળીયું બની ગયું છે. વરસાદ પહેલા જેમ જોરદાર આંધી ફુંકાય છે તેવી જ રીતે જોરદાર પવન ફુંકાતા શહેરમાં ઠેર ઠેર નાના મોટા વૃક્ષો પડી ગયા છે. પવનનો માર ઝીલી ન શકનાર ડાળીઓ તો ઠેર ઠેર પડી ગઈ છે. પવન ફુંકાય છે પરંતુ સાથે વરસાદ પડતો ન હોવાથી સમગ્ર વાતાવરણમાં ધુળ પ્રસરી ગઈ છે. આ મીની વંટોળથી ગૃહિણીઓ હેરાન પરેશાન થઈ ચુકી છે. બારી બારણા બંધ કરવા છતાં ધુળ ઘરમાં ઘુસી જાય છે. દિવસ દરમિયાન ત્રણથી ચાર વખત કચરો વાળવો પડે છે. આંગણામાં તો પાંદડાઓનો કચરો જામેલો જ રહે છે. ગમે તેટલી વાર વાળવા છતાં પાંદડાઓ ઉડીને પાછા આવી જાય છે. શહેરમાં ઠેર ઠેર પાંદડાઓનો કચરો જોવા મળી રહ્યો છે. મીની વંટોળે શહેરને તેની જુની ‘આંધીનગર’ની ઓળખ પાછી અપાવી હોય તેવું લાગી રહ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ધોરણ ૧૦નું પરિણામ

## જિલ્લામાંથી ૨૯ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : શિક્ષણ બાર્ડ દ્વારા સવારે ૮ વાગ્યા બાદ વેબસાઇટ પરથી પરિણામ જાહેર કરવામાં આવશે. વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ઉત્તેજના

ગાંધીનગર તા ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૦ નુ પરિણામ જાહેર થશે. જિલ્લામાંથી ૨૯ હજાર કરતા પણ વધુ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ ની પરિક્ષા આપી હતી. ધોરણ ૧૦ની બોર્ડ પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી હતી. પરિણામની ઈન્તેજારીનો અંત આવતા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓની ઉત્સુકતા વધી ગઈ છે. આજે સવારે ૮ કલાક બાદ બોર્ડ દ્વારા વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરવામાં આવશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. બોર્ડ દ્વારા તબક્કાવાર પરિક્ષાઓના પરિણામ જાહેર કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ આજે ધોરણ ૧૦ નુ પરિણામ જાહેર કરવામાં આવશે. બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૬ માં લેવાયેલી એસ એસ સી ની પરિક્ષાનુ પરિણામ મંગળવારે સવારે ૮ કલાક બાદ બોર્ડની વેબસાઈટ પર જાહેર થશે. જયારે ગુણપત્રકોનુ વિતરણ તા ૨૬ મેં ના રોજ સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન કરવામાં આવશે. ધોરણ ૧૦નુ પરિણામ બોર્ડની વેબસાઈટ (1) www.gseb.org, (2) www.gipl.net પરથી જાહેર કરવામાં આવશે. ગુજરાત કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ પરથી પણ પરિણામ બાબત કોઈ મુશ્કેલી હોય તો માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષાનુ પરિણામ પણ ૨૬ મેં ના રોજ જાહેર કરવામાં આવશે.

# સે-૧ થી ૫ માં ૯૬ કિમીના રોડ નેટવર્કને ૧૧ કરોડના ખર્ચે અપગ્રેડ કરાશે

## નવા સેકટરોમાં વર્ષોથી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી

ગાંધીનગર તા ૨૩

શહેરના નવા સેકટરોમાં આંતરિક રસ્તાઓની હાલત ઉબડ ખાબડ જોવા મળી રહી છે. સે ૧ થી ૫ માં ચાર વર્ષ અગાઉ રસ્તાના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે નિયત સમયના અંતે માર્ગો ખરબચડી હાલતમાં જોવા મળી રહયા છે. સ્થાનિક રહીશોમાં પણ રસ્તાઓનુ કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા નવા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા હાથ ધરવા માટે રૂ ૧૧ કરોડના ખર્ચને મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી છે.

શહરેમાં મુખ્ય માર્ગો તેમજ જુના સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ મોટાભાગનુ પુર્ણ કરી દેવાયુ છે. જો કે હજુ જુના સેકટરોમાં હજુ પણ કેટલાક વિસ્તારમાં માર્ગોની સુધારણાનુ કામ બાકી છે. હાલ શહેરમાં ખ માર્ગને પણ સિકસલેન બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે શહેરના નવા સે ૧ થી ૫ માં પણ લાંબા સમયથી રસ્તાઓ ઉબડ ખાબડ બનતા માર્ગોનુ નવિનીકરણ હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.અગાઉ પણ નવા સેકટરોના રસ્તાઓનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ આ મામલે કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો.

નવા સેકટરોમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ પર પાણી ભરાઈ જતા મોટાભાગના માર્ગોનુ ધોવાણ પણ થયુ છે. જયારે ચાર વર્ષ અગાઉ માર્ગોની સુધારણાનુ કામ કરવામાં આવ્યુ હતુ. જેથી માર્ગ સુધારણાના કામને પણ ચાર વર્ષથી પણ વધુ સમય વિતી ગયો હોવાથી હાલ સેકટરોના આંતરિક રસ્તાઓ મગરની પીઠ સમાન બન્યા છે. સે-૧ થી ૫ માં અંદાજિત ૯૬ કી મી નુ આંતરિક રોડનેટવર્ક છે. જયારે આ માર્ગોના નવિનીકરણ માટે રૂ ૧૧ કરોડના ખર્ચના અંદાજ સાથે દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી છે. આગામી દિવસોમાં દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ રસ્તાઓનુ કામ હાથ ધરાશે.

# હિટવેવ બાદ ગ્રીન એકશન પ્લાન તૈયાર કરવા તૈયારી

અમદાવાદ,તા. ૨૩

અમદાવાદ શહેરને હરિયાળુ બનાવવા માટે આગામી સમયમાં હિટએકશન પ્લાનની જેમ ગ્રીન એકશન પ્લાન તૈયાર કરવા માટે આવતીકાલે બપોરે શહેરના મેયર ગૌતમ શાહની અધ્યક્ષતામાં પર્યાવરણવાદીઓ,સંસ્થાઓ વગેરે સાથે એક મહત્વની બેઠક યોજવામાં આવી છે.

આ અંગે શહેરના મેયર ગૌતમશાહે જણાવ્યું છે કે,વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યા જોવા મળી રહી છે.તેવા સમયે અમદાવાદમાં આ પર્યાવરણવાદી બાબતમાં હરિયાળુ અમદાવાદ અંતર્ગત ગ્રીન એકશન પ્લાન તૈયાર કરવા અંગે પર્યાવરણવાદી અને પ્રકૃતિપ્રેમીઓ, સંસ્થાઓ, સાથે જરૂરી વિચાર-વિમર્શ કરી તેઓના કિંમતી સલાહ-સૂચનો મેળવવા એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.તેમણે કહ્યું છે કે,વર્તમાન ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શહેરની પર્યાવરણ સમતુલા જળવાય તે માટે ગ્રીન એકશન પ્લાનના અમલીકરણની દિશામાં જરૂરી પગલાં સાથેનું આયોજન કરાશે.

# શહેરમાં ૩૫ સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા મળ્યા

## ગાંધીનગર શહેરનો ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારમાં સમાવેશ કરતુ આરોગ્ય તંત્ર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરી વિસ્તારનો ડેન્ગ્યુ માટે અતિ સંવેદનશીલ વિસ્તારમાં સમાવેશ થતાં જ પ્રિ-મોન્સુન એક્ટીવીટીની કામગીરીનો આરોગ્ય વિભાગે અમલ કરવાની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે આજે શહેરની મેલેરિયા શાખાએ જીઈબી, ચરેડી છાપરાના ૧૭૦૦ જેટલા પાત્રોમાંથી ડેન્ગ્યુના પોરા મળી આવતાં તંત્રના સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા છે અને તાત્કાલિક ત્યાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે.

આ બે વિસ્તારોની ઝુંપડપટ્ટીમાં ૨૫૦૦ જેટલા પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી. તંત્રના અધિકારીઓએ આ વિસ્તારમાંથી ૬૦૦થી વધુ ટાયરો જે ઝુંપડા પર રાખવામાં આવ્યા હતા તે પણ દૂર કર્યા છે.

શહેરમાં આ વખતે ગરમીનો પ્રકોપ અને સારા ચોમાસાની આગાહીને પગલે તંત્રએ અત્યારથી જ કામગીરી આરંભી દીધી છે. જો કે પ્રથમ પગલે જ ૩૫ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુ મચ્છરોના પોરા મળતાં તંત્રએ આગામી દિવસોમાં સઘન કાર્યવાહી કરવા માટેનું આયોજન હાથ ધરી દીધુ હોવાનું જાણવા મળેલ છે.

શહેરી વિસ્તારમાં આ વખતે ડ્રાય ડે નો સપ્તાઈથી અમલ કરવામાં આવશે તેમ પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ ઉપરાંત ડેન્ગ્યુ માટે લોકોમાં જાગૃતિ માટેનું પણ એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

# મનપામાં સ્વચ્છતાની ફરિયાદો માટે વોર્ડ કચેરીને રજીસ્ટર નિભાવવા તાકીદ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકામાં દરેક વોર્ડમાં સ્વચ્છતાની ફરિયાદો માટેનું રજીસ્ટર નિભાવવા તેમજ વોર્ડ વિસ્તારમાં સફાઈ કામગીરીનું અસરકારક મોનીટરીંગ કરવાની કડક તાકીદ તંત્રને કરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ શહેર તરીકેની છબી વિકસાવવાના હાથ ધરાયેલા પ્રયાસોને લઈ દરેક વોર્ડના અધિકારીઓને સફાઈ કામદારોની ગેરહાજરી અને ગંદકી દૂર કરવાની કામગીરી બાબતે ગંભીર સૂચનાઓ તંત્રએ તેના અધિકારીઓને આપી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દરેક વોર્ડમાં સફાઈની ફરિયાદો બાબતે રજીસ્ટર નિભાવવુ, સ્લમ વિસ્તારના લોકો જાહેર શૌચાલયોનો ઉપયોગ કરે તે માટે પગલાં લેવા, મહાનગરપાલિકા વિસ્તારની જાહેર મિલ્કતો તેમજ મનપાની મિલ્કતોની જાળવણી નિભાવણી અને મરામત પર ધ્યાન કેન્દ્રીત કરવુ તેમજ સંબંધિત વિભાગો સાથે સુયોગ્ય સંકલન રાખી સ્વચ્છતા અભિયાનને આગળ ધપાવવામાં આવે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

દરેક વોર્ડમાં સફાઈ કામદારોની હાજરી તેમજ તેમની સફાઈ કામગીરીનું મોનીટરીંગ કરવા માટે પણ તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

તાજેતરમાં મેયરશ્રીના બે રાઉન્ડમાં મળેલી ફરિયાદોના પગલે લેખિતમાં સૂચનાઓ જારી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ગટરલાઈનોની પણ નિયમિત રીતે સફાઈ થાય તે જોવા પર પણ ભાર મુકવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જેથી પાણીજન્ય રોગચાળાને ઉગતો જ ડામી શકાય.



(તસવીર : કશ્યપ નિમાવત)

કાયદાની ઐસી-તૈસી - રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, સુપ્રીમ કોર્ટ તમામના આદેશોને ઘોળીને પી જતું સફાઈ તંત્ર હજુ પણ જાહેરમાં જ કચરો સળગાવવાની પ્રથાને ચાલુ રાખે છે... મિડિયામાં અનેક વખત આ તસવીરો છપાયા છતાં બહેરા કાને નથી તો તંત્ર જાગતું કે નથી તો સફાઈ કામદારો કોઈને ગાંઠતા... પર્યાવરણની વાતો જોરશોરથી કરી, સંવાદો અને પરિસંવાદો કરતું રાજ્યનું વહીવટી તંત્ર કે મહાનગરપાલિકાનું સેવા તંત્ર, કોઈની આંખ ઉઘડતી નથી... હવા પ્રદૂષણના નામે અનેક વખત ચર્ચાઓમાં બાંહેધરીઓ અપાઈ છતાં સ્થિતિ એમની એમ જ રહે છે... અને આ સ્થિતિ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં હોય તો રાજ્યના અન્ય શહેરો અને ગ્રામીણ વિસ્તારોની હાલત કેવી હશે...? પાણી પ્રદૂષણ અને હવા પ્રદૂષણની ચર્ચા કરવાના અધિકારો પણ ગુમાવી બેઠા છીએ... પર્યાવરણ જાળવણી માટે પ્રધાનમંત્રી મન કી બાતમાં દર્દભરી અપીલ કરે છે... નાગરિકોને અપીલ કરે છે, તંત્રને અપીલ કરે છે... પણ આપણું તંત્ર પ્રધાનમંત્રીની વાતને પણ ગંભીરતાથી લેતું નથી... તો અખબારી અહેવાલોને ગણકારે જ શાના.... પર્યાવરણ પ્રેમીઓ જાગૃત બની આવા દશ્યો સામે પીકેટીંગ કરવાની નોબત આવી પહોંચી છે... જવાબદારો સામે શિક્ષાત્મક પગલા માટે કોર્ટમાં જવું જોઈએ....

# આજે આનંદીબેન પટેલ આસામ સરકારના શપથવિધિ સમારોહમાં હાજરી આપશે

અમદાવાદ, તા.૨૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ મંગળવાર તા. ૨૪ મે-૨૦૧૬ના આસામના પદનામિત નવનિયુક્ત મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલના શપત વિધિ સમારોહમાં ઉપસ્થિત રહેશે. આનંદીબેનનો શપતવિધિ સમારોહમાં ઉપસ્થિત રહેવા પદનામિત મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલે પાઠવેલા આમંત્રણનો સ્વીકાર કરી તેઓ આસામના ગૌહતીમાં યોજાનારા આ શપથ ગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેવા મંગળવારે સવારે આસામ પહોંચવાના છે. આસામમાં ભારતીય જનતા પાર્ટીના પદનામિત નવનિયુક્ત મુખ્યમંત્રી સર્વાનંદ સોનાવાલને મળીને આનંદીબેન સુશાસનની શુભેચ્છાઓ પાઠવશે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

# વર્ષ ૨૦૧૭ને યુવા વિકાસ વર્ષ તરીકે ઉજવાશે

## એન્જિનિયરિંગ બેઠકોમાં ૫૫૧ ટકાનો વધારો : મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ વર્ષે વિદ્યાર્થીને ૧૦૦૦ કરોડનો લાભ : ગુણવત્તાસભર શિક્ષણનો નિર્ધાર

અમદાવાદ, તા.૨૩

કોઈપણ રાષ્ટ્ર કે રાજયના સર્વાંગી વિકાસની ધરોહર યુવાનો જ હોય છે. એટલે જ યુવાનોનો વિકાસ અત્યંત અનિવાર્ય છે. આ વાત ધ્યાને લઈને ગુજરાતે યુવાઓના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. ગતિશીલ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી ગતિશીલ સરકારે યુવાવિકાસ માટે વર્ષ ૨૦૧૭ને યુવા વિકાસ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ધાર કર્યો છે. સમાજના દરેક વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ મેળવી પોતાની કારકિર્દી ઘડી શકે તે માટે ઉચ્ચશિક્ષણની સહાય આપતી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કાર્યાન્વિત કરી છે, જે હેઠળ પ્રતિવર્ષ વિદ્યાર્થીઓને રૂ. ૧ હજાર કરોડના લાભો મળશે. આ માટે કુટુંબની આવકમર્યાદા રૂ. ૬ લાખ સુધીની તથા પર્સેન્ટાઈલની રૂ. ૧ હજાર કરોડના લાભો મળશે. આ માટે કુટુબની આવકમર્યાદા રૂ. ૬ લાખ સુધીની તથા પર્સેન્ટાઈલની મર્યાદા ૮૦ કરવામાં આવી છે.

રાજયના યુવાનોને સમયની માંગ મુજબ નુતન તક ખાનગીક્ષેત્રે મળી રહે તે માટે સ્ટાર્ટઅપ પોલીસીનો અસરકારક અમલ કરીને ગુજરાત સ્ટાર્ટઅપ મિશનની રચના કરી છે. જે અંતર્ગત મીની અને માલ્ટી લેવલ જીઆઈડીસીના નિર્માણ માટે ઉદ્યમી યુવાનોને અનેકવિધ સહાય પુરી પાડવામાં આવે છે. ઉપરાંત રાજયના યુવાનો રાજયના વહીવટમાં ભાગીદાર બને તે માટે દશ વર્ષનું ભરતી કેલેન્ડર અમલી બનાવ્યું છે. જે હેઠલ પ્રતિવર્ષ ૬૬ હજાર જેટલી જગા પર ભરતી કરવાનું આયોજન છે.

આ ઉપરાંત કૌશલ્ય દ્વારા યુવાઓ પોતાનો રોજગાર મેળવે તે માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને સ્કીલ ડેવલપમેન્ટ માટે મિશનમોડ અભિગમ દ્વારા કૌશલ્યની તાલીમ અપાશે. રાજયમાં યુવાનો માટે ૫૦૦ જેટલા કૌશલ્યવર્ધન કેન્દ્રો અને ૭૭૦ જેટલી આઈટીઆઈનો શુભારંભ રાજય સરકારે કર્યો છે.

**નામ બદલેલ છે**



જોષી શર્મીલા સુનિલ

મારું જુનું નામ જોષી નિલામ્બરી સુનિલ હતું તે હવે બદલી નવું નામ જોષી શર્મીલા સુનિલ રાખેલ છે.

લી.
જોષી શર્મીલા સુનિલ
એ/૩૨, શાંતિનગર, ‘ક’ રોડ, વાવોલ, ગાંધીનગર-૩૮૨૦૧૬

**મળશે નહી**

ડો. વિવેક ભાવે (ફીઝીશીયન)

વિદેશ જતા હોઈ તા. ૨૪/૫/૧૬થી ૧૦/૬/૧૬ સુધી મળશે નહી.

૧૧/૬/૧૬ સવારથી રાબેતા મુજબ મળશે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com